પ્રજાનો અવાજ

મોરબીના પીપળિયા ચાર રસ્તા પાસે ટ્રાફિકજામની કાયમી સમસ્યા

મોરબી। મોરબી જિલ્લામાંથી પસાર થતા જામનગર અમૃતસર હાઈવે પર પીપળિયા ચાર રસ્તા પાસે આવેલી ફાટક ની ચારેય તરફ ટ્રાફિક જામ સર્જાયો હતો જેના કારણે ચારેય તરફ વાહન ચાલકો દ્વારા નીકળવા ઉતાવળ કરતા અંધા ધુધી સર્જાઈ હતી જેના કારણે સ્થિતિ વધુ બગડતા રસ્તાની ચારેય તરફ વાહનોના દુર દુર સુધી થપ્પા લાગી ગયા હતા ટ્રાફિક જામ થવાનું કારણ તો સામે નથી આવ્યું પણ આ જામને પગલે લાંબા સમય સુધી વાહન ચાલકો ને હાલાકી પડી હતી.ટ્રાફિક જામના કારણે રસ્તાની ચારેય તરફ વાહનોના થપ્પા લાગી ગયા હતા. દરમિયાન વાહનચાલકોમાં વહેલા નીકળવાની ઉતાવળ જોવા મળી હતી. દરેક વાહનચાલક આગળ નીકળવાની હોડમાં રસ્તો પસાર કરવાનો પ્રયાસ કરતા પરિસ્થિતિ વધુ વણસી હતી. એક તરફથી વાહનોને રસ્તો ન મળતાં અને બીજી તરફથી પણ વાહનોની અવરજવર ચાલુ રહેતાં ચાર રસ્તા પર અંધાધૂંધીનો માહોલ સર્જાયો હતો. જોતજોતામાં ટ્રાફિક જામ એટલો વધી ગયો હતો કે દૂર દૂર સુધી વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. આ ટ્રાફિક જામ થવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી, પરંતુ તેના કારણે નોકરી-ધંધા અર્થે જતા લોકો સહિત અન્ય વાહનચાલકોને લાંબા સમય સુધી અટવાઈ રહેવાની ફરજ પડી હતી.

QR કોડ સ્કેન કરો, ફોટો સાથે માહિતી મોકલો અથવા 8758863063 ઉપર વિગત મોકલો

સામાકાંઠે પરશુરામ પોટરી તાલુકા શાળા પાસે કચરાના ઢગલામાં જ ડસ્ટબિન લાંબા સમયથી પડી છે છતાં તંત્ર અજાણ!

મોરબીના કલેકટર-જિલ્લા પંચાયત કચેરીને જોડતા રોડ પર કચરા ટોપલીઓ જ ગંદકીના ગંજમાં સામેલ

ભાસ્કર ન્યૂઝ | મોરબી

મોરબીના સામાકાંઠે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પંચાયત અને જિલ્લા પોલીસવડા કચેરીને જોડતા મહત્ત્વના શોભેશ્વર રોડ પર તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરતી સ્થિતિ જોવા મળી રહી છે. સોઓરડી વિસ્તારના નાકે પરશુરામ પોટરી તાલુકા શાળાની બાજુમાં કચરાના ઢગલા વચ્ચે કચરો એકત્રિત કરવા માટે રાખવામાં આવેલી ટોપલીઓ લાંબા સમયથી બિનઉપયોગી હાલતમાં પડી છે. જેનો ઉપયોગ થવો જોઈએ તે કચરા ટોપલીઓ આજે ખુદ કચરાના ગંજમાં સામેલ થઈ ગઈ છે. એક તરફ સ્વચ્છતા માટે વિવિધ આયોજન અને અભિયાનો ચલાવાય છે, તો બીજી તરફ જાહેર માર્ગ પર સરકારી સાધનોની આવી અવદશા તંત્રની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

શોભેશ્વર રોડ ઉપરથી દરરોજ હજારો વાહનોની અવરજવર રહે છે તેમજ આસપાસ અનેક દુકાનો આવેલી છે. વેપારીઓ અને રાહદારીઓની સુવિધા માટે અગાઉ અહીં કચરા ટોપલીઓ મૂકવામાં આવી હતી, પરંતુ સમયાંતરે તેની જાળવણી કરવામાં ન આવતાં આજે મોટાભાગની ટોપલીઓ કચરાના ઢગલામાં બિનઉપયોગી બની પડી છે. હાલ ગણતરીની ટોપલીઓ જ ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં દેખાય છે, જ્યારે બાકીની ટોપલીઓની હાલત જોતાં તંત્રએ સરકારી મિલકતની જાળવણી માટે શું કર્યું તેવો સવાલ ઊઠે છે. ખાસ બાબત એ છે કે જિલ્લા કલેકટર કચેરી નજીક જ આવી સ્થિતિ હોવા છતાં જવાબદાર વિભાગનું ધ્યાન કેમ નથી ગયું?



કચરા વચ્ચે જ પડેલી ડસ્ટબીનના ઉપયોગ કરવા અને કચરો સાફ કરાવવા મનપા ક્યા અને ક્યારે પગલાં લે છે તે જોવાનું. • તસવીર : રવિ બરાસરા

ટોપલીઓ મૂક્યા પછી જાળવણી કરવાનું મનપા ભૂલી ગઇ

એક સમયે જાહેર ઉપયોગ માટે ખરીદવામાં આવેલી આ ટોપલીઓ કઈ રીતે બિનઉપયોગી બની અને કચરાના ઢગલામાં પહોંચી ગઈ તે તપાસનો વિષય છે. સરકારી નાણાંમાંથી ખરીદાયેલી વસ્તુઓની આવી હાલત થવા પાછળ તંત્રને પૂછવા વાળું કોઇ નથી.

બાકી રહેલી ટોપલીઓ પણ બિનઉપયોગી બને તેની રાહ જોવાશે?

હાલમાં કેટલીક કચરા ટોપલીઓ જ બાકી રહી છે અને તેની હાલત પણ જાળવણીના અભાવે કથળી રહી છે. જો સમયસર સમારકામ, સફાઈ અને યોગ્ય સ્થળે ગોઠવવાની કામગીરી નહીં થાય તો બાકીની ટોપલીઓ પણ ટૂંક સમયમાં ભંગાર બની શકે છે.

ટંકારામાં વરલી જુગાર રમતા ત્રણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ટંકારા

ટંકારાની સરકારી હોસ્પિટલ પાછળ જાહેર રોડ પર વરલી મટકાનો જુગાર રમતા ત્રણ શખ્સોને મોરબી LCBએ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂ. 9,480 રોકડા કબજે કર્યા હતા. પકડાયેલા ત્રણેય સામે ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સરકારી હોસ્પિટલ પાછળ વરલી મટકાના આંકડાની કપાત લેવાતી હોવાની માહિતી મળી હતી. દરોડો પાડતાં ગુલામદસ્તગીર શાહમદાર (ટંકારા), રાજેશ વાઘાણી (મોરબી) અને નવઘણ મોનાભાઈ રબારી (ટંકારા) ઝડપાયા હતા. પૂછપરછમાં ટંકારાના આદમ ઉર્ફે આદુ ઈશા અબ્રાણીનું નામ ખુલ્યું હતું. પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

મેડિકલ ઓફિસર પતિના અવસાન બાદ મહિલા સાથે અણછાજતું વર્તન

‘તારા પતિ પાસે આઠ લાખ માગું છું’, કહી વિધવા પાસે કૌટુંબિક ભાણેજની ઉઘરાણી

ભાસ્કર ન્યૂઝ | જસદણ

મહિલાએ પતિને પૈસા આપ્યાના પુરાવા માંગતા ભાણેજ ઉશ્કેરાયો

રાજકોટના યુનિવર્સિટી રોડ પર રહેતા અને મૂળ સાળંગપુરના વતની એક વિધવાને તેના જ કૌટુંબિક ભાણેજે રૂ. 8 લાખની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો હતો. પતિના અવસાન બાદ ભાણેજ અવારનવાર ધમકીઓ અને માનસિક ત્રાસ આપતો હતો જેનાથી કંટાળીને અંતે પ્રૌઢાએ જસદણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મળતી વિગતો મુજબ, રાજકોટના યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોક પાસેના મેઘાણી ટાવરમાં રહેતા અને મૂળ સાળંગપુરના વતની આણંદબા દાદભાઈ ખાચર (ઉ.વ. 50) એ જસદણ રહેતા પોતાના કૌટુંબિક ભાણેજ જયવીર નટુ ગીડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આણંદબાના પતિ દાદભાઈ રાણીંગભાઈ ખાચર મેડિકલ ઓફિસર હતા અને જસદણના લાતી પ્લોટ વિસ્તારમાં અક્ષર ક્લિનિક નામે દવાખાનું ચલાવતા હતા. વર્ષ 2023માં દાદભાઈનું અવસાન થયું હતું.

પતિના મૃત્યુ બાદ કૌટુંબિક ભાણેજ જયવીર ગીડાએ આણંદબા પાસે આવી એવો દાવો કર્યો હતો કે તેણે દાદભાઈને રૂ. 8 લાખ આપ્યા હતા. જો કે, આણંદબાએ પતિએ આવી કોઈ લેતીદેતીની વાત કરી ન હોવાનું જણાવતા જયવીર ઉશ્કેરાયો હતો. તેણે અવારનવાર બોલાચાલી કરી પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી અને રૂ. 8 લાખ આપી દે, નહીંતર તમને કોઈને જીવતા નહીં મૂકું અને તમારો સાળંગપુર વાળો પ્લોટ બારોબાર વેચી નાખીશ તેવી ધમકીઓ આપી હતી. થોડા સમય પહેલાં આરોપી જયવીર જસદણના લાતી પ્લોટ સ્થિત દવાખાને ધસી આવ્યો હતો અને રૂપિયાની માંગણી કરી ઝઘડો કર્યો હતો. તે સમયે આણંદબાએ લેતીદેતીના કોઈ પુરાવા હોય તો બતાવવાનું કહેતા તે ત્યાંથી જતો રહ્યો હતો. ત્યારબાદ એકાદ મહિના પહેલા આરોપીએ ફરીથી આણંદબા તથા તેમના કુટુંબી દિયર સુરેશભાઈ ખાચર મારફતે મુદ્દલ અને વ્યાજના રૂપિયા માટે દબાણ કરી હેરાનગતિ શરૂ કરી હતી.

જામનગરમાં વિદેશી દારૂના 32 ચપટા સાથે શખસ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | જામનગર

જામનગરના ભીમવાસ વિસ્તારમાં વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો છે. ભીમવાસ શેરી નં. 3માં હનુમાનજી મંદિર પાસે જાહેરમાં શંકાસ્પદ હાલતમાં નીકળતા અજય નરશીભાઈ બાંભણીયાને પોલીસે અટકાવ્યો હતો. તેની પાસે રહેલા થેલાની તપાસ કરતાં વિદેશી દારૂના 32 ચપટા મળી આવ્યા હતા. પોલીસે રૂ. 9,600ની કિંમતનો દારૂ કબજે કરી શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે પકડાયેલા અજય નરશીભાઈ બાંભણીયા (રહે. ભીમવાસ, શેરી નં. 3, હનુમાનજી મંદિર પાસે, ફોરેસ્ટ ખાતા, જામનગર) સામે દારૂ અંગેનો ગુનો નોંધ્યો છે. જાહેર રસ્તા પર શંકાસ્પદ હાલતમાં જતો હોવાની નોંધ લઈ પોલીસે તેને અટકાવી તપાસ કરતાં થેલામાંથી દારૂ મળી આવ્યો હતો.

માળિયાના ખાખરેચીમાં ટ્રેનની અડફેટે 32 વર્ષીય યુવાનનું મૃત્યુ

મોરબીના ઘુટું-ઊંચી માંડલ વચ્ચે કારની ટક્કરથી નીચે પટકાતાં ટ્રેક્ટરચાલકનું મોત

ભાસ્કર ન્યૂઝ | મોરબી

મોરબી-હળવદ હાઈવે પર ઘૂટું અને ઊંચી માંડલ ગામ વચ્ચે ડિવાઈન હોટલ સામે ટાટા ટીગોર કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતાં ટ્રેક્ટરચાલક યુવાનનું મોત નીપજ્યું હતું. કારચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી ટ્રેક્ટર સાથે ટક્કર મારતાં ટ્રેક્ટર પર સવાર યુવાન નીચે પટકાયો હતો અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું મૃત્યુ થયું હતું.

મૂળ મહિસાગર જિલ્લાના અને હાલ હળવદ તાલુકાના ચરાડવા ગામે પાવર હાઉસ પાસે ગૌશાળા નજીક ઝૂંપડામાં રહેતા ચંદ્રિકાબેન રાકેશભાઈ ભુરીયા (ઉ.વ. 33)એ કાર નંબર GJ-1-WH-7118ના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેમના પતિ રાકેશભાઈ તથા ઉદેશીંગભાઈ ટ્રેક્ટર નંબર GJ-36-AK-6669 સાથે ટેન્કર જોડીને મોરબી-હળવદ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી આવેલી ટાટા ટીગોર કારના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી ટ્રેક્ટર અને ટ્રકની વચ્ચે કાર ઘુસાડવાનો પ્રયાસ કરતાં કાર ટ્રેક્ટરના આગળના ભાગના બમ્પર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ટ્રેક્ટરની સીટ પરથી નીચે પટકાયેલા રાકેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત થયું હતું. આ અંગે પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી કારચાલકને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

માળીયા મિયાણાના ખાખરેચી ગામે રહેતા 32 વર્ષીય શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ શંખેસરિયાનું ટ્રેનની હડફેટે આવી જતાં મોત નીપજ્યું હતું. ગત તા. 22 નવેમ્બરના રોજ રાત્રે જમ્યા બાદ ઘરેથી નીકળેલા શૈલેષભાઈ ગામ પાસેથી પસાર થતી રેલવે લાઈન પર ટ્રેનની અડફેટે આવી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સારવાર માટે જેતપર ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. શૈલેષભાઈ છેલ્લા ઘણા સમયથી માનસિક અસ્થિરતાની સમસ્યા ધરાવતા હતા બનાવ અંગે તેમના ભાઈ મહેશભાઈ વિઠ્ઠલભાઈ શંખેસરિયાએ માળીયા તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

આજે વિશ્વ મહિલા હિંસા નાબૂદી દિવસ • મોરબીની પ્રગતિમાં નારીશક્તિનું અનેકગણું યોગદાન

દરેક સ્તરે મહિલાઓએ મક્કમ મનોબળથી અલગ ઓળખ બનાવી, ભયમુક્ત માહોલ બનાવવાની જવાબદારી સમાજની

ભાસ્કર ન્યૂઝ | રવિ બરાસરા

કોઈ શહેરની પ્રગતિ માપવી હોય તો માત્ર તેની ઊંચી ઈમારતો, ધમધમતા ઉદ્યોગો, કરોડોના વેપાર કે વિશ્વભરમાં પહોંચતા ઉત્પાદનોના આંકડા જોવા પૂરતા નથી. એ શહેરની મહિલાઓ કેટલી સુરક્ષિત છે, તેમને કેટલું સન્માન મળે છે અને તેઓ કેટલા આત્મવિશ્વાસ સાથે જીવન જીવી શકે છે, તે પણ વિકાસનો મહત્ત્વનો માપદંડ છે.

મોરબીની વાત કરીએ તો સિરામિક, ઘડિયાળ અને પેકેજિંગ ઉદ્યોગોની વૈશ્વિક ઓળખ વચ્ચે અહીંની મહિલાઓનો પરિશ્રમ પણ વિકાસની ગાથાનો અભિન્ન હિસ્સો બન્યો છે. નારીને સામાજિક સુરક્ષા, સમાનતા અને સન્માન મળે તે દિશામાં હજુ ઘણું કરવાની જરૂર છે. આજે 25 નવેમ્બર એટલે મહિલાઓ સામેની હિંસા નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ.

નારીની ચાર દીવાલોથી વિશ્વ બજાર સુધી સફર

આજે મોરબીના સિરામિક એકમો, ઘડિયાળ ઉદ્યોગ, પેકેજિંગ કંપનીઓ, વેપારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્ય ક્ષેત્રમાં મહિલાઓ પોતાની ક્ષમતા અને મહેનતથી યોગદાન આપી રહી છે. કોઈ ફેક્ટરીમાં ઉત્પાદનની પ્રક્રિયાનો હિસ્સો બની છે, તો કોઈ ઓફિસમાં વહીવટી જવાબદારી સંભાળે છે. કોઈ શિક્ષણ દ્વારા નવી પેઢીનું ઘડતર કરે છે, તો કોઈ આરોગ્ય ક્ષેત્રે સેવા આપી રહી છે.

માનસિક ત્રાસ પણ હિંસા જેટલો ગંભીર

ઘરેલું હિંસાના વધતા કેસ જોતાં મોરબી જેવા ઔદ્યોગિક શહેરમાં રોજગારી માટે અન્ય જિલ્લાઓ અને રાજ્યોમાંથી આવતી મહિલાઓથી લઈને સ્થાનિક યુવતીઓ અને ગૃહિણીઓ સુધી સૌને સુરક્ષિત વાતાવરણની જરૂર છે. ખાસ કરીને કામકાજી મહિલાઓ માટે સુરક્ષિત કાર્યસ્થળ, યોગ્ય વ્યવહાર, ફરિયાદ કરવાની સરળ વ્યવસ્થા અને તેમની વાતને ગંભીરતાથી સાંભળે તેવી સંવેદનશીલ વ્યવસ્થા હોવી જરૂરી છે.

મુશ્કેલીના સમયે મદદનો હાથ લંબાવતી વ્યવસ્થા

મહિલાઓ માટે 181 અભયમ મહિલા હેલ્પલાઈન મુશ્કેલીના સમયે માર્ગદર્શન અને મદદ મેળવવાનું એક માધ્યમ છે. પોલીસની SHE Team દ્વારા મહિલાઓની સુરક્ષા અને જાગૃતિ માટે કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટર મારફતે મહિલાઓને એક જ સ્થળે તબીબી, કાનૂની અને માનસિક કાઉન્સેલિંગ સહિતની સહાય ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા છે.

જૂના બેડી બંદરે ગેરકાયદે માછીમારીમાં 2 બોટ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | જામનગર

જામનગર શહેરના જુના બેડી બંદર જેટી ખાતે મરીન પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન બોટના રજીસ્ટ્રેશન વગર માછીમારી કરતી બે બોટ શંકાસ્પદ હાલતમાં ઝડપી લઈને પોલીસે બે માછીમારો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રજીસ્ટ્રેશન નંબર વગર માછીમારી કરતા ઝડપાયા હતા. મરીન પોલીસના ચેકીંગ દરમિયાન મળી આવેલી બંને બોટ પર રજીસ્ટ્રેશન નંબર દર્શાવેલ નહોતો અને બંને બોટ રજીસ્ટ્રેશન વગર જ દરિયામાં માછીમારી કરી રહી હતી.

નિયમોના ઉલ્લંઘન બદલ મરીન પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ મામલે મરીન પોલીસે કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાના તેમજ અંજારના સંગઘડ ગામના વતની આમદ હાસમભાઈ માજલીયા (ઉ.વ. 30) અને દાદા સાલે ભટ્ટી (ઉ.વ. 48)ની અટક કરી છે.

અરજીઓનો સાતથી દસ દિવસમાં નિકાલ કરવાની માગ

વાંકાનેરમાં જૂના જન્મ-મરણના દાખલા ઝડપી આપવા રજૂઆત

પાલિકા સદસ્ય સંઘવીએ કલેક્ટર, ચીફ ઓફિસરને આવેદન આપ્યું

ભાસ્કર ન્યૂઝ | વાંકાનેર

વાંકાનેર નગરપાલિકા વિસ્તારમાં વર્ષ 2015 કે તેથી જૂના જન્મ-મરણના દાખલા મેળવવામાં નાગરિકોને પડતી મુશ્કેલી દૂર કરવા પાલિકાનાં સદસ્ય દર્શનાબેન વિશાલભાઈ સંઘવીએ રજૂઆત કરી છે. જૂના દાખલાની મંજૂરી માટેની અરજીઓ મોરબી જિલ્લા પંચાયત કક્ષાએ પેન્ડિંગ રહેતી હોવાની રજૂઆત સાથે તેમણે તેનો ઝડપી નિકાલ કરવાની માગ કરી છે. અરજીઓનો નિકાલ 7થી 10 દિવસમાં થાય અને સ્થાનિક કક્ષાએ જ મંજૂરીની વ્યવસ્થા ઊભી થાય તેવી માગ કરાઈ છે.

દર્શનાબેન સંઘવીએ નાયબ કલેક્ટર, નગરપાલિકાના ચીફ ઓફિસર, આરોગ્ય શાખા, જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને કલેક્ટરને આ અંગે રજૂઆત કરી છે. તેમના જણાવ્યા મુજબ, જૂના દાખલાની મંજૂરીમાં વિલંબ થવાથી નાગરિકોને પાસપોર્ટ, આધારકાર્ડમાં સુધારા, શાળા-કોલેજમાં પ્રવેશ, સરકારી યોજનાઓના લાભ અને વારસાઈ હક્ક સંબંધિત કામોમાં મુશ્કેલી પડે છે.

મોરબી જિલ્લા પંચાયત કક્ષાએ પેન્ડિંગ અરજીઓનો ઝડપથી નિકાલ કરવા અને અરજી ક્યા કારણોસર પેન્ડિંગ છે તેની સ્પષ્ટ માહિતી સ્થાનિક કચેરીએથી જ મળે તેવી વ્યવસ્થા કરવાની માગ કરાઈ છે. વાંકાનેર નગરપાલિકા અથવા પ્રાંત કચેરી કક્ષાએ ચકાસણી અને મંજૂરીની વ્યવસ્થા ઊભી થાય તો અરજદારોને મોરબી સુધી ધક્કા ખાવા ન પડે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે. ઉપરાંત, દાખલો આપવા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવાની માગ કરાઈ છે.

મોરબીમાં રક્તદાન કેમ્પ: 55 યુનિટ રક્ત એકત્ર

મોરબી। મોરબીના લીલાપર કેનાલ રોડ પર રામોજી ફાર્મમાં ચાલી રહેલી શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં તા. 20 નવેમ્બરે અઘારા પરિવાર અને સંસ્કાર બ્લડ સેન્ટરના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં 55 દાતાઓએ રક્તદાન કર્યું હતું. ધ્રાંગધ્રા સ્વામિનારાયણ આશ્રમના શાસ્ત્રી સત્યપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે યોજાયેલી કથામાં શ્રોતાઓ રક્તદાન માટે પ્રેરાય તે હેતુથી આયોજન કરાયું હતું. કેમ્પમાં અરજણભાઈ, ભાવિકભાઈ, જયદીપભાઈ અને હરેશભાઈ અઘારા સહિત પરિવારજનો જોડાયા હતા.

CHANGE OF NAME
This is to Notify that I have changed my Name from **Aghera Divyaben to Aghera Divya Narendrakumar**
Aghera Divya Narendrakumar
Bharatnagar 2 Society, Opp. Sky Mall, Sanala Road, MORBI-363641. Gujarat.
મોરબી-૯૮૭૬૭ ૮૩૩૭૭

Change Of Name
This Is To Notify That I Have Changed My Name From **SIRAZ AJIJ GODIL** To **SIRAJ AZIZ GODIL** So Now Onward Will Be Known As **SIRAJ AZIZ GODIL**
BAHARPURA NEAR SAIBAVA MASJID DHORAJI 360410

Change Of Name
This Is To Notify That I Have Changed My Name From **AKILABANU SIRAZ GODIL** To **AKILA SIRAJBHAI GODIL** So Now Onward Will Be Known As **AKILA SIRAJBHAI GODIL**
BAHARPURA NEAR SAIBAVA DARGAH DHORAJI 360410

CHANGE OF NAME
This is to notify that I have changed My Name from **ROJMALA HETAL DHIRAJLAL** To **JIVANI HETAL HIRENKUMAR**
JIVANI HETAL HIRENKUMAR
Add: 701, Rameshwar heights, Ravapar Road, Opp Gokul Nagar, Morbi, Gujarat-363641
9913052249

CHANGE OF NAME
This is to Notify that I have changed my Name from (Before Marriage) **HAJARA ISMAILBHAI** to **HAJRA SARFRAZ MANDARIYA** (After Marriage).
HAJRA SARFRAZ MANDARIYA
Nagina Masjid Pase, Kukavav, Bagasara, AMRELI-365440, Gujarat.
સમીર ન્યુઝ-9913652181

CHANGE OF NAME
This is to Notify that I have changed my Name from **Aryan Pareshbhai Sanandiya** to **Aryan Pareshkumar Sanandiya**
Aryan Pareshkumar Sanandiya
Vijaynagar Society, Marin Drive, Shanala Road, MORBI.
મોરબી-૯૮૭૬૭ ૮૩૩૭૭

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, મોરબી જીલ્લાના મોરબી શહેરના વજેપર ગામના રે.સ.નં. ૩૧૮ પૈકી ૧ જેના ખાતા નં. ૧૧૫ હે.આરે.ચો.મી. ૦-૭૬-૮૭ (જુ.શ.) ખેતીની જમીન દલવાડી રામજીભાઈ કાળાભાઈ ની માલીકી હકકની જમીન આવેલ છે. જેની સ્વતંત્ર, કબજા, ભોગવટા અને માલીકી હકકની આવેલ છે. જે પૈકી આ જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. તો સદરહું મિલકતના માલીકી હકક, કબજા ભોગવટા, વારસાઇ હકક, હીત, હિસ્સો, ટાઇટલ, હદ, ગીરો, બોજો, લાગભાગ, લીયન, કાયુ પાકુ સાટાખત કે વેચાણ કે તબદીલ વ્યવહાર કરેલ હોય કે કોઇપણ વ્યકિત, બેંક સંસ્થા પિત્રેરેને કોઇપણ જાતના વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૧૦ માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી, જો મુદત હરોળમાં કોઇપણ વ્યકિતના વાંધા તકરાર નહી આવે તો સદરહું મિલ્કત પરત્વે કોઇને વાંધા તકરાર નથી અને હોય તો તેમણે જતા (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મીલ્કતનો ચુકતે અવેજ આપી ધોરણસરની કાર્યવાહી કરાવી લેશે. ત્યારબાદ કોઇપણ તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની આથી દરેક લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મોરબી. તા.૨૪-૧૧-૨૦૨૬ અસીલની સુચનાથી.

ધર્મ કે. રાવલ - એડવોકેટ
રાજધાની કોમ્પલેક્ષ, ઓફિસ નં.૧૪, નવા બસ સ્ટેન્ડ સામે, શીશુ મંદિર સ્કૂલની બાજુમાં, શનાળા રોડ, મોરબી. મો.નં.૯૯૨૪૧ ૫૩૦૪૪, ૯૧૦૬૪ ૭૦૯૨૦
ઋષી મહેતા-7405400999

SBI | ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા,જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એકટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઇ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૧૦.૧૨.૨૦૨૬

સિકયોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ પંચાળો લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૧૦.૧૨.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઇટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	**ઓદ્યોગિક મિલકત :** જે પ્લોટ નં. ૭ પૈકી, રે. સર્વે નં. ૮૦૦/૪ પૈકી, વાસુકી ઉદ્યોગનગર, સામાકાંઠે, જેતપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રોડ, પ્રકાશ ચોક, રબારીકા ચોકડી પાસે, નેશનલ હાઈવે - ૨૭ (જેતપુર - ગોંડલ રોડ) તરફ, તાલુકો : જેતપુર, જી. રાજકોટ ખાતે સ્થિત છે. (Property ID : SBIN200026804863)	તા. ૨૫.૦૪.૨૦૨૩ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૬૫,૦૫,૩૨૦.૭૭ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૧૭.૧૨.૨૦૨૩)	મે. શ્રી બાબા રામદેવ ટેક્સટાઈલ	મે. શ્રી બાબા રામદેવ ટેક્સટાઈલ	રૂા. ૮૩,૦૦,૦૦૦ ----- રૂા. ૮,૩૦,૦૦૦ ----- રૂા. ૨૫,૦૦૦	૦૨.૧૨.૨૦૨૬ બપોરે ૦૧.૦૦ થી બપોરે ૦૨.૦૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૧૦.૧૨.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ કેવાયસી દસ્તાવેજ/ ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકીંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".
તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદકુમાર ઓઝા - મોબાઈલ નંબર ૯૦૦૧૩ ૮૧૨૩૬
વિગતો માટે સંપર્ક કરો - શ્રી જયંત મરાઠે - મોબાઈલ નંબર ૭૦૨૮૭ ૯૬૮૮૨

**નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baanknet.com પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર M/s. PSB Alliance Pvt. Ltd. દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તલાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૬૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ https://baanknet.com પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપ